# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા


કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

**(ISO 9001:2008 Certified)**

**Phone No.(02742) 257055** **Email Id: bnsdeo@gmail.com**


ક્રમાંક:હિ-૨/આચાર્ય/અધિવેશન/૨૦૨૪/ ૨૯૩૩૮-૩૯ તા.૧૬ /૧૨/૨૦૨૪

પ્રતિ,

પ્રમુખશ્રી/મંત્રીશ્રી,

બનાસકાંઠા જિલ્લા મા અને ઉ.મા આચાર્ય સંઘ,

જિ.બનાસકાંઠા

વિષય: બનાસકાંઠા મા અને ઉ.મા આચાર્ય સંઘને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટે શૈક્ષણિક અને વહીવટી અધિવેશનની મંજુરી અંગે

સંદર્ભ-૧:- બનાસકાંઠા જિલ્લા આચાર્ય સંઘના તા.૦૪/૧૨/૨૦૨૪ના પત્ર

સંદર્ભ-૨:- નોંધ ઉપર થયેલ નિર્ણય

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, બનાસકાંઠા આચાર્ય સંઘનું વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે બે(૦૨) દિવસનું અધિવેશન ગુજરાત રાજ્યની અંદર યોજવાની પરવાનગી આપવામાં આવે છે.

અધિવેશનમાં હાજરી આપનાર આચાર્યશ્રીએ શૈક્ષણિક/શાળાકીય પ્રવૃતિને અસર ન થાય તે રીતે અધિવેશનમાં હાજરી આપવાની રહેશે અને સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવના પરિશિષ્ટ-૨ની આઇટમની કલમ-૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેના આધારે અધિવેશન માટે ડેલીગેશન ફી રૂ.૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા) તથા અધિવેશનમાં હાજરી આપતા આચાર્યોના પ્રવાસ ભથ્થાનો અને દૈનિક ભથ્થાનો ખર્ચ શાળાની ગ્રાંટમાંથી નિયમોનુસાર મળવાપાત્ર થશે.

સંઘના અધિવેશન માટેના સ્થળ અને તારીખ નક્કી કરી અત્રેની કચેરીને બિનચૂક જાણ કરવાની રહેશે.સદરહું અધિવેશનની તારીખો બોર્ડ કે અન્ય જાહેર પરીક્ષાઓને ધ્યાને રાખી આયોજન કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

બનાસકાંઠા, પાલનપુર

<u>નકલ સવિનય રવાના:-</u> માન.કમિશ્નરશ્રી, કમિ.શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, સેક્ટર-૧૯, ગુ.રા., ગાંધીનગર